Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થિતિ કર્યા પછીનું જે જ્ઞાન (છે) એના જ્ઞાનના વિષયની વાત કરી (છે). એ રહી ગયું, મગજમાં કાંઈક આવ્યું હતું. એ દર્શનમાં (તો) પ્રમત્ત–અપ્રમત્ત પર્યાય પણ નથી. આ..હા..હા...! અવિકારી પર્યાય પણ જેમાં નથી. એ જ્ઞાયક સમ્યગ્દર્શનનો વિષય (છે). આહા..હા...! અંદરથી કાંઈક આવ્યું હતું, રહી ગયું.

શ્રોતા :– જ્ઞાતૃતત્ત્વની અને જ્ઞેયતત્ત્વની પ્રતીતિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો આવી ગયું, એ તો વાત કરી.

('સમયસાર'ની) ૧૭મી ગાથામાં એમ કહ્યું ને કે, પહેલો આત્મા જાણવો. ત્યાં પહેલું જ્ઞાન લીધું. જ્ઞાનમાં આત્મા અખંડ છે એમ જાણવું, એની પ્રતીતિ કરવી. આહા..હા...!

અહીં તો કહે છે કે, સત્ અને સત્તા – બે વચ્ચે અતદ્‌ભાવ છે. કેમકે ગુણી અને ગુણ, દ્રવ્ય અને ગુણ એ અપેક્ષાએ અતદ્‌ભાવ છે, પણ એકાંતે અતદ્‌ભાવ નથી. આહા..હા...! એનો ભેદ પર્યાયનયથી જોઈએ... આહા..હા...! છે ? **'ત્યારે જ–'શુક્લ આ વસ્ત્ર છે, આ આનો શુક્લત્વગુણ છે'–'** જોયું ? શુક્લ આ વસ્ત્ર છે–ધોળું આ વસ્ત્ર છે અને આનો ધોળો ગુણ (છે). **'ઇત્યાદિની માફક–'ગુણવાળું આ દ્રવ્ય છે,...'** પર્યાયનયથી જ્યારે જાણવું હોય (ત્યારે આ રીતે જાણે). આહા..હા...!

અતદ્‌ભાવ ભેદ હોવા છતાં... એટલે શું ? કે, ગુણ તે દ્રવ્ય નહિ અને દ્રવ્ય તે ગુણ નહિ. એવો અતદ્‌ભાવ હોવા છતાં એ અતદ્‌ભાવ પણ બે દૃષ્ટિએ દેખાય. જ્યારે એની પર્યાયદૃષ્ટિથી જોવું હોય તો **'શુક્લ આ વસ્ત્ર છે, આ આનો શુક્લત્વગુણ છે' ઇત્યાદિની માફક 'ગુણવાળું આ દ્રવ્ય છે'** પર્યાયદૃષ્ટિથી કહેવું હોય તો 'ગુણવાળું આ દ્રવ્ય છે' (એમ કહેવાય). આ..હા..હા...! ભેદ પડ્યો ને ? ઇ પર્યાય થઈ ને ? **'ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે'** ઈ પર્યાયનયથી ભેદ થયો. આહા..હા...! છે ? **'એમ અતાદ્‌ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે.'** (અર્થાત્) એ અતાદ્‌ભાવિક ભેદ પ્રગટ થાય છે. આ..હા..હા...! ઉન્મગ્ન છે ને ? (એટલે) ઉપર આવવું.

**'પરંતુ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે...'** (અર્થાત્) દ્રવ્ય તે દ્રવ્ય છે. સત્ છે તે સત્તાસ્વરૂપ જ સત્ છે. એમાં ભેદ નહિ. આહા..હા...! ઝીણી વાતું છે. વાણિયાને (આ મળ્યું). આ તો 'પ્રવચનસાર' છે.

શ્રોતા :– વાણિયાથી તો બીજા બધાં બુદ્ધિમાં ઓછા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વાત તો સાચી. ભાગ્યશાળી છે ને ! વાણિયાને જૈનધર્મ મળ્યો અને એને સાંભળવા મળે છે. આહા..હા...! (બીજાને તો) એ સાંભળવા પણ મળે નહિ. 'ગીતા'માં તો કહે કે, ઈશ્વર કર્તા છે. ઈશ્વર બધું કરે છે. એક ઠેકાણે એમ કહે કે, ઈશ્વર બધું કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને એક ઠેકાણે 'ગીતા'ના ૧૨૩ પાને એક શ્લોક છે કે, હું કર્તા નથી, કોઈનું મેં કર્યું નથી, હું કોઈનું કરતો (નથી). એવો એક શ્લોક છે. એ આખી વાત જ ફેર છે. હું પરમાત્મા બધે છું, કામદેવમાં પણ પરમાત્મા છું, વિષય-વાસનામાં પરમાત્મા છું ! આહા..હા...! એવું ત્યાં છે.

આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ(નું કહેલું છે) ! આ..હા..હા...! જેવી વસ્તુ અનંત... અનંત... છે અને અનંતમાં પણ ગુણ-ગુણીનો ભેદ (કહ્યો) એ તો પર્યાયનયથી અતદ્ભાવ–ગુણ-ગુણીનો ભેદ કહીએ છીએ. આહા..હા...! છે ? '**ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે' એમ અતાદ્ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે.**' પર્યાયનયથી–ભેદદૃષ્ટિથી (ભેદ દેખાય છે). '**પરંતુ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે...**' આ..હા..હા...! વસ્તુને વસ્તુ તરીકે જ્યારે પ્રાપ્ત કરવામાં આવે. આહા..હા...! '**(અર્થાત્ દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે–પહોંચે છે...)**' દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે અને પહોંચે છે. '**(એમ દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે...**' આ..હા..હા...! 'ગુણવાસનાના ઉન્મેષ = દ્રવ્યમાં અનેક ગુણો હોવાના વલણનું (અભિપ્રાયનું) પ્રાકટ્ય;' દ્રવ્યમાં અનેક ગુણો હોવાના અભિપ્રાયનું પ્રાકટ્ય. 'ગુણભેદ હોવારૂપ મનોવલણના (અભિપ્રાયના) ફણગા.' આ..હા..હા...! છે ? (એવા ગુણભેદ) નિમગ્ન થઈ જાય છે–અસ્ત થઈ જાય છે. 'ગુણી છે, ગુણવાળો છે' એ દ્રવ્યની દૃષ્ટિ કરતાં–દ્રવ્યને જોતાં એ ભેદ અસ્ત થઈ જાય. ભાષા તો સાદી છે, હળવે-હળવે કહેવાય છે. આહા..હા...! અધિકાર આવે ઈ આવે ને ! તાકડે ભાગ્યમાં સાંભળવા ટાણે આવ્યું એમ કહો ને !! આ..હા..હા...!

ત્રણલોકના નાથ ! એની પ્રવચનધારા ! આ..હા..હા...! કહે છે કે, દ્રવ્ય-ગુણ(માં) નામભેદ અને સંજ્ઞાભેદ હોવાથી તેને અતદ્ભાવ કહેવાય. અતદ્ભાવમાં પણ બે પ્રકાર (છે). એને પર્યાયથી જોઈએ તો આ દ્રવ્ય ગુણ(વાળું) છે, આ ગુણવાળું આ દ્રવ્ય છે. આનો આ ગુણ (છે) એમ અતાદ્ભાવિક ભેદ ઉત્પન્ન થાય. આહા..હા...! આવું છે. ભાગ્યશાળીને આ કાને પડે એવું છે, બાપા ! આ..હા..હા...!

અતદ્ભાવ કરીને કીધું. ભલે પ્રદેશભેદ નથી–દ્રવ્યને (અને) ગુણને પ્રદેશભેદ નથી, પણ દ્રવ્ય અને ગુણ (એમ) નામભેદ પડ્યા એટલે એટલો અતદ્ભાવ છે. પણ એ અતદ્ભાવ પણ બે પ્રકારે જોવામાં આવે છે. જ્યારે પર્યાયનયથી જોઈએ તો તે અતદ્ભાવ છે. 'દ્રવ્યનો ગુણ છે અને ગુણનું આ દ્રવ્ય છે.' પણ દ્રવ્યાર્થિક (નયે) જોઈએ તો 'એ ગુણનું દ્રવ્ય છે' એવો ભેદ ત્યાં નથી. આહા..હા...! છે ? '**સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે એવા તે જીવને–'શુક્લ વસ્ત્ર જ છે'–**' પહેલાંમાં '**શુક્લ આ વસ્ત્ર છે**' એમ હતું. '**શુક્લ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આ વસ્ત્ર છે**' આ દ્રવ્યથી (જોઈએ તો) **'શુક્લ વસ્ત્ર જ છે' ઇત્યાદિની માફક–'આવું દ્રવ્ય જ છે'–**' ગુણવાળું દ્રવ્ય છે, એમ નહિ. આહા..હા...! દ્રવ્ય જ એવું છે. દ્રવ્યાર્થિક (નયથી) જોતાં દ્રવ્ય જ આવું છે. આ..હા..હા..હા...! સમજાય છે કે નહિ ? હળવે-હળવે તો કહેવાય છે. ત્યાં 'કલકત્તા'માં ક્યાંય મળે એવું નથી. (આ ભાઈએ) વળી નિવૃત્તિ લઈ લીધી, ભાગ્યશાળી !

આ તો ભગવાન ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાનથી નીકળેલી વાણી છે. પદાર્થનો સ્વભાવ આ છે. ઓ..હો..હો..હો...! કહે છે કે, દ્રવ્ય અને ગુણમાં અતદ્ભાવ કહેવામાં આવે. કારણ કે ગુણ તે દ્રવ્ય નથી (અને દ્રવ્ય તે ગુણ નથી) એ રીતે અતદ્ભાવ કહેવામાં આવે પણ એ અતદ્ભાવમાં પણ જોવાની બે દૃષ્ટિ (છે). (૧) પર્યાયથી જોવાય તો 'ગુણવાળું દ્રવ્ય છે' (૨) દ્રવ્યાર્થિક (નયથી) જોવે તો 'દ્રવ્ય છે' આવું છે, ભગવાન ! આ..હા..હા...! શું થાય ? જગતને અટકવાના સાધન અનેક.

અહીં તો કહે છે કે, દ્રવ્યાર્થિક (નયથી) જોતાં 'ગુણવાળું દ્રવ્ય' પણ નહિ. 'ગુણવાળું દ્રવ્ય' (એમ કહેતાં તો) પર્યાયનયે ભેદ પડી ગયો. એ અતદ્ભાવ ભલે કીધો. આ..હા..હા...! પણ એ દ્રવ્ય જ છે. આહા..હા...! છે ? **'આવું દ્રવ્ય જ છે' એમ જોતાં સમૂળો જ અતાદ્ભાવિક ભેદ નિમગ્ન થાય છે.**' અસ્ત (થાય છે). અતદ્ભાવ દેખાતો નથી. આ..હા..હા...! ધીમે... ધીમે કહેવાય છે. વાત જરી એવી ઝીણી છે. વાણિયાના વેપારમાં આવું આવે નહિ. આ તો Logic (છે), વકીલાત(માં) હજી આવે. વકીલાતમાં આ આવ્યું ન હોય પણ વકીલાતમાં જરી ન્યાય (આવે). આ..હા..હા...! ઘણી સાદી ભાષાએ તત્ત્વને (નિરૂપિત કર્યું છે).

સત્ છે, પ્રભુ ! અને એમાં સત્તાનો ગુણ છે. એ ગુણ અને સત્ (એમ) બે નામભેદ પડ્યા એ અપેક્ષાએ અતદ્ભાવ છે. ગુણ તે દ્રવ્ય નહિ અને દ્રવ્ય તે ગુણ નહિ. પણ ગુણ અને ગુણીનો સંયોગસંબંધ થયો છે–યુતસિદ્ધસંબંધ છે, એ તો ત્રિકાળમાં નથી. જેથી બેના પ્રદેશભેદ છે એમ નથી. જે પ્રદેશ સત્તાના છે તે જ પ્રદેશ સત્‌ના છે, જે પ્રદેશ સત્‌ના છે તે જ પ્રદેશ સત્તાના છે. આહા..હા...! યુતસિદ્ધ તો નહિ–સંયોગસિદ્ધ તો નહિ, સત્તાને (અને) સત્‌ને સંયોગસિદ્ધ સંબંધ છે એ તો નહિ પણ બે વચ્ચે અતદ્ભાવ છે – ગુણ તે દ્રવ્ય નહિ અને દ્રવ્ય તે ગુણ નહિ, એવા અતદ્ભાવને જોવામાં પણ બે દૃષ્ટિ (છે). આ..હા..હા..હા...! બેનું-દીકરીયુંને આ બધું સમજાય છે કે નહિ ? પકડાય છે કે નહિ ? આહા..હા...! ભાષા તો સાદી છે પણ વસ્તુ તો આ છે.

કહે છે કે, દ્રવ્ય જે સત્ છે... સત્ કહો કે દ્રવ્ય કહો (બન્ને એકાર્થ છે). એની સત્તાને પ્રદેશભેદ નથી. એટલે યુતસિદ્ધ નથી. એટલે કે ગુણ, ગુણી સાથે જોડાઈ ગયો, સત્તા સત્ સાથે જોડાણી એવું નથી, પણ સત્ જે છે એને ગુણ અને દ્રવ્ય એમ બે નામભેદ પડ્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અપેક્ષાએ અતદ્ભાવ છે ખરો. સત્–દ્રવ્યને અને ગુણ વચ્ચે અતદ્ભાવ છે ખરો, યુતસિદ્ધપણું નહિ–પ્રદેશભેદપણું નહિ. આહા..હા...! અતદ્ભાવને પણ બે પ્રકારે જોવામાં આવે છે. આહા..હા...! ગજબ વાત છે ને ! પર્યાયદૃષ્ટિથી જોઈએ તો અતદ્ભાવ ઉન્મગ્ન થાય (છે) – દેખાય છે – ભેદ છે અને દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો અતદ્ભાવ – ગુણ અને ગુણી ભેદ છે એવો અતદ્ભાવ અસ્ત થઈ જાય છે–નિમગ્ન થઈ જાય છે.

બે નદી છે ને નદી ? ઉન્મગ્ન અને નિમગ્ન નામની બે નદી છે. ઉન્મગ્ન (નદીમાં) જે કંઈ વસ્તુ પડે એ ઉપર લાવે. લોઢું પડે તોપણ ઉપર લાવે ! અને નિમગ્ન (નદી) એવી ચીજ છે કે, એમાં હળવામાં હળવું વસ્ત્ર પડે તોપણ એને હેઠે લઈ જાય. ત્યાં નદીયું છે. ઉન્મગ્ન, નિમગ્ન નદી.

એમ અહીંયાં પર્યાયદૃષ્ટિથી અતદ્ભાવને જોઈએ તો 'તે ગુણવાળું દ્રવ્ય છે' તેમ નજર પડે–તેમ ભેદ લક્ષમાં આવે. આ..હા..હા...! પણ જ્યારે એને દ્રવ્યથી જુઓ તો તે (ભેદ) નિમગ્ન થઈ જાય છે. અતદ્ભાવ(નો) ભેદ પણ ત્યાં અસ્ત થઈ જાય છે. એકલું દ્રવ્યસ્વરૂપ છે. આહા..હા...! છએ દ્રવ્યની વાત છે, હોં ! આ તો બહુ ઝીણી વાત છે, બાપા ! આ તો બાપ-દાદાએ કોઈ દી' ક્યાંય સાંભળી ન હોય. આ..હા..હા...! આ કૉલેજ તો કોઈ જુદી જાતની છે ! અત્યારે તો ધર્મના સંપ્રદાયના નામામાં પણ આ નથી. આ કરો ને વ્રત કરો ને તપ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો, જાત્રા કરો, દાન કરો, દયા પાળો – આવી વાતું આવે. એ તો રાગ અને અજ્ઞાનભાવ–કર્તા(ભાવ) છે. આહા..હા...!

અહીં તો (કહે છે કે) એનામાં નિર્વિકારી સત્તાગુણ જે છે અને દ્રવ્ય નિર્વિકાર છે. આ..હા..હા...! સત્તાગુણ નિર્વિકારી છે. સત્ દ્રવ્ય છે એ નિર્વિકારી છે. અને એટલો ભેદ પાડવો એ પર્યાય નયથી જોવામાં આવે છે. આ..હા..હા...! ભેદદૃષ્ટિથી જોવામાં આવે (તો એટલો ભેદ છે) પણ એ ભેદ ન જોવો – આત્મા છે, દ્રવ્ય – વસ્તુ છે ત્યારે એનો ભેદ ત્યાં અસ્ત થઈ જાય છે. દૃષ્ટિના વિષયમાં દ્રવ્ય છે ત્યાં ભેદ લક્ષમાં આવતા નથી. આ..હા..હા..હા...! કેવી વાત સિદ્ધ કરી છે !!

પ્રશ્ન :– ઘડીકમાં અભેદ ને ઘડીકમાં ભેદ ?

સમાધાન :– ઘડીકમાં ભેદ કઈ અપેક્ષાએ ? અતદ્ભાવ–ગુણ અને ગુણી એટલો ભેદ છે. એ પર્યાયનયથી જોવામાં આવે તો ભેદ છે. ભેદદૃષ્ટિથી કહો, પર્યાયદૃષ્ટિથી કહો (બધું એક જ છે). પણ ત્રિકાળ વસ્તુ છે ભગવાનઆત્મા અને પરમાણુ આદિ દરેક દ્રવ્ય (એ) દ્રવ્યથી જુઓ તો એ દ્રવ્ય જ છે. અતદ્ભાવપણું ત્યાં અસ્ત થઈ જાય છે. આહા..હા...! યુતસિદ્ધ તો છે નહિ. એટલે કે જેમ લાકડીવાળો માણસ. એ લાકડીના સંયોગે માણસને લાકડીવાળો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહ્યો. એમ સત્તાવાળું સત્ – એમ નથી. સત્તા નામનો ગુણ અને સત્ (બન્નેનું) જોડાણ થઈને સત્ થયું છે એમ નથી. પણ ગુણ અને ગુણી એવા ભેદ અતદ્ભાવ તરીકે નામભેદે ભેદ છે, સંજ્ઞાભેદે ભેદ છે. છતાં તે ભેદને પણ પર્યાયદૃષ્ટિથી જોવે તો ભેદ ઉત્પન્ન (થાય છે)– દેખાય છે. દ્રવ્યદૃષ્ટિથી (જોવે તો) ભેદ અસ્ત થઈ જાય છે. આ..હા..હા...!

પ્રશ્ન :– આનું કામ શું છે ?

સમાધાન :– આનું કામ સમ્યગ્દર્શનનું છે. સત્ વસ્તુ ભગવાન પરિપૂર્ણ આત્મા ! એની દૃષ્ટિ કર તો તને સત્ હાથ આવશે. ત્યારે તને શાંતિ અને આનંદ મળશે. એ વિના આનંદ અને શાંતિ મળે એવું નથી. ક્રિયાકષ્ટ, ઉપવાસ ને દાન (દઈને), મંદિરો બનાવીને, જાત્રા કરીને મરી જાય, લાખ જાત્રા કર ને કરોડ રૂપિયા ખર્ચ એમાં ક્યાંય આત્માની શાંતિ નથી અને ધર્મ નથી. આ..હા...! આ..હા...!

ઓ..હો..હો...! છે તો Logicથી વાત પણ વાણિયાને વેપાર આડે નવરાશ ન મળે. 'જાપાન'નો એક મોટો ઇતિહાસિક છે. 'જાપાન'નો મોટો ઇતિહાસિક ! ૬૭ વર્ષની ઉંમર છે. મારે હિસાબે તો નાની ઉંમર કહેવાય ને ? અહીં તો ૯૦ થયા છે. પણ ૬૭ વર્ષની ઉંમર એને હિસાબે તો મોટી (કહેવાય). એને એક છોકરો છે એને પણ રસ છે. એણે એમ કહ્યું કે, જૈનધર્મ એટલે શું ? જૈનધર્મ એટલે કે આત્માનો અનુભવ કરવો – અનુભૂતિ તે (જૈનધર્મ). એમ કહીને પાછું એમ કહ્યું કે, એવો જૈનધર્મ મળ્યો વાણિયાને (અને) વાણિયા વેપાર આડે નવરા ન મળે કે, કઈ ચીજ છે, કેમ એનો નિર્ણય કરવો (એનો) અવકાશ ન મળે. આખો 'દી ધંધો ને બાયડી-છોકરાને રાજી રાખવા, છ-આઠ કલાક સૂઈ જાવું... અર..ર..ર...! મિત્રોમાં બે-ચાર કલાક ગપ્પા મારવા (એમાં) આવા વખત જાય છે. પેલા 'જાપાનવાળા'એ લખ્યું છે કે, ધર્મ તો અનુભૂતિ (છે). દ્રવ્ય જે વસ્તુ છે તે અભેદ છે એનો અનુભવ એ જૈનધર્મ (છે). જૈનધર્મ કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી, વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ ભગવાનઆત્મા ! અનંત... અનંત... ગુણનો પિંડ એવો ભેદ કરવો એ પણ પર્યાયનયથી છે. આહા..હા...! એ અનંતગુણસ્વરૂપ જ પ્રભુ અંદર છે. ભગવત્સ્વરૂપ છે. કેમ બેસે ? બે બીડી સરખી પીવે ત્યારે તો ભાઈસાહેબને પાયખાને દિશા ઊતરે ! આવા તો અપલખણ !! હવે એને આત્મા આવો છે એમ બતાવવું ! આહા..હા...!

(અહીંયાં કહે છે કે), '**સમસ્ત ગુણવાસનાના ઉન્મેષ જેને અટકી ગયા છે એવા તે જીવને 'શુક્લ વસ્ત્ર જ છે' ઇત્યાદિની માફક–'આવું દ્રવ્ય જ છે'**.' હોવાવાળું દ્રવ્ય જ છે. હોવાવાળું સત્ અને હોવાવાળી સત્તા એવો ભેદ તેમાં દેખાતો નથી. આહા..હા...! ગુણભેદ એમાં દેખાતો નથી. પર્યાયભેદની તો વાત પણ ક્યાં કરવી ? આ..હા..હા..હા...! બહુ ભારે માર્ગ, ભાઈ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધીમે-ધીમે કહેવાય છે. વીતરાગનો માર્ગ અને સંતોએ–દિગંબર સંતોએ... આ..હા..હા...! અરે...! કરુણા કરીને જગતને ઉપકાર કર્યો છે.

પ્રભુ ! તું એક વાર સાંભળને ! કહે છે, પ્રભુ ! તું આત્મા છો ને ! અને વસ્તુ છે ને સત્તા છે એમાં એક હોવાવાળો ગુણ પણ છે કે નહિ ? હોવાવાળું તું સત્ છો તો એમાં હોવાવાળો એક ગુણ છે કે નહિ ? એટલો ગુણ અને ગુણીનો ભેદ પણ દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતાં તે ભેદ દેખાતો નથી. આ..હા..હા..હા...! સમજાય છે કાંઈ ? આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો તત્ત્વ–વસ્તુ શું છે અને તેમાં ભેદ-અભેદ કેમ કહેવાય છે, (તેની વાત છે). આ..હા..હા...!

સત્તા છે એ ગુણ છે એ ગુણ આ ગુણીનો છે એવો અતદ્ભાવ છે ખરો, પણ એ અતદ્ભાવને પણ જોવાની દૃષ્ટિ બે છે. એ પર્યાયના ભેદદૃષ્ટિથી જોવે તો 'તે ગુણ ગુણીનો છે' એમ કહેવાય. આહા..હા...! પણ વસ્તુ છે અખંડાનંદ પ્રભુ ! એકરૂપ ચિદાનંદ ! અનંત ગુણનો એકરૂપ પ્રભુ ! આહા..હા...! એને જોતાં '**આવું દ્રવ્ય જ છે**' છે ? '**એમ જોતાં સમૂળો જ અતદ્ભાવિક ભેદ નિમગ્ન થાય છે.**' આહા..હા...! નાશ થઈ જાય છે, ભેદ ત્યાં રહેતો નથી. આ..હા..હા..હા...!

અરે... બાપા ! આ વસ્તુ કરવાની છે. આ મનુષ્યપણું ચાલ્યું જશે, બાપુ ! (પછી) ક્યાં જઈને ઊપજીશ ? ક્યાંય ભાન ન મળે, ઢોરમાં ને કાગડામાં ને કૂતરામાં ને ગાયમાં ને ભેંસમાં અવતરશે. અરે..રે...! બાપુ ! આ તત્ત્વ છે એની દૃષ્ટિ જ્યાં સુધી નહિ હોય ત્યાં સુધી એના જન્મ-મરણ નહિ મટે. આહા..હા...! આ..હા..હા...!

આજે તેરસ છે. 'પરમાગમ મંદિર'ની આજે તિથિ છે. સવારમાં કોઈએ પૂજાનું યાદ ન કર્યું. મેં કીધું સવારમાં કાંઈક કરશે. આજે તેરસ છે ને ? ફાગણ સુદ તેરસે પાંચ વર્ષ થયા. ચૈત્ર, વૈશાખ અને જેઠ. મકાનને (–મંદિરને) સવા પાંચ વર્ષ થયા. ૨૬ લાખનું મકાન છે આ ! એકલો આરસપહાણ ! ઉદ્ઘાટન વખતે ૨૬૦૦૦ માણસ આવ્યા હતા ! ૧૧ લાખનો ખર્ચ અને ૨૬ લાખ આ ! ૩૭ લાખ ! આ..હા...! અહીં તો તેરસ છે અને આજે આવી વાત આવી. આહા..હા...!

પ્રભુ ! તું કોઈ એક ચીજ છે કે નહિ ? જેમ આ જડ–માટી આદિ છે એમ અંદર ચૈતન્યપ્રભુ વસ્તુ છે કે નહિ ? વસ્તુ ! વસ્તુ છે તો એમાં વસેલા અનંત ગુણ છે કે નહિ ? વસ્તુ એને કહીએ કે જેમાં અનંત... અનંત... શક્તિ–ગુણ વસેલા હોય. હવે, એ અનંત ગુણ વસેલા છે એ 'ગુણવાળું દ્રવ્ય' કહેવું... આ..હા..હા...! એ પણ પર્યાયદૃષ્ટિએ અતદ્ભાવ છે. આ..હા..હા..હા...! એ દૃષ્ટિ પણ આદરવા જેવી નથી. આ..હા..હા...! ત્રિકાળી દ્રવ્ય–વસ્તુ છે. પ્રભુ અનાદિ-અનંત સત્ છે તેની આદિ શી ? સત્ છે તેનો અંત શો ? સત્ છે તેમાં ભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શા ? આહા..હા...! સમજાય એવું છે, હોં ! માર્ગ તો આકરો છે. એ તો ત્યાં બધા ઊભા હતા એ છોકરાઓને કહ્યું કે, આજે વિષય ઝીણો છે. કહ્યું હતું કે નહિ બધાંને ? કે, વિષય ઝીણો (છે), હોં ! ધ્યાન રાખજો !

આત્મા અંદર છે, પ્રભુ ! આ તો હાડકાં, ચામડાં, જડ–માટી રાખ થશે. પ્રભુ અંદર ચૈતન્ય શાશ્વત તત્ત્વ છે. આ..હા..હા...! અણનાશ–નાશ વિનાની ચીજ અંદર છે. એમાં અનંત... અનંત... અનંત... શક્તિઓ – જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) અનંત શક્તિઓ પડી છે. પણ કહે છે કે, એ શક્તિ અને શક્તિવાન – આ દ્રવ્ય શક્તિવાળું છે એટલો પણ હજી ભેદ પર્યાયનયથી છે. આ..હા..હા..હા...! એ શક્તિસ્વરૂપ જ આખો આત્મા છે. એકરૂપ ચિદાનંદ પ્રભુ અંદર છે. અરે...! પણ ક્યાં સાંભળવા મળે ? શું કરવું ? દુનિયા આંધળી, એમને એમ જગતના મોહમાં ચાલ્યા જાય છે. આહા..હા...! માણસ થઈને ક્યાં જાય ?

પેલું સવારમાં કહ્યું હતું નહિ ? બે-ત્રણ પરમાણુનું (કહ્યું હતું). ઈ દાખલો કેમ આપ્યો ? કે, દ્રવ્યની પર્યાયનો દાખલો આપતા નથી. ભાઈ ! ૯૩ (ગાથામાં) આવ્યું હતું ને ? કે, સમાનજાતીય અને અસમાનજાતીય પર્યાય કોને કહેવી ? ત્યારે કહે કે, બે-ત્રણ પરમાણુ – દ્રવ્ય ભેગા થાય એ સમાનજાતીય પર્યાય કહેવાય. દ્રવ્યપર્યાય, હોં ! સમાનજાતીય દ્રવ્યપર્યાય (કહેવાય). એમાં એક-એક આત્માની અને એક-એક પરમાણુની પર્યાય દ્રવ્યપર્યાય નથી લીધી. એ દાખલો આમાં આપ્યો છે. જે ત્યાં આપ્યો એવો અહીં આપ્યો. ત્યાં અસમાનજાતીયમાં દેવ પહેલાં આપ્યું છે. અહીં અસમાનજાતીમાં મનુષ્ય (લીધો છે). આ મનુષ્ય છે ને ? એટલે. આહા..હા...!

અંદર આત્મા અને આ (શરીર) જડ. આ તો જડ–માટી–ધૂડ છે, એ અસમાનજાતિ છે. એક જાત નથી. પરમાણુએ પરમાણુ છે, આ કંઈ એક નથી. આ તો અનંતા રજકણ–Point છે બધાં ભેગા થઈને બન્યું છે. એ સમાનજાતિ – પરમાણુ-પરમાણુ એક જાતના જડ છે. ભગવાનઆત્મા અને જડ–બન્ને અસમાનજાતના છે. આહા..હા...! એવી દ્રવ્યપર્યાયનો દૃષ્ટાંત આપ્યો. આ..હા...!

**'એ રીતે ભેદ નિમગ્ન થતાં તેના આશ્રયે (–કારણે) થતી પ્રતીતિ નિમગ્ન થાય છે.'** આ..હા..હા...! શું કહે છે ? પ્રભુ ! આત્મા જે ત્રિકાળી સત્ વસ્તુ છે એમાં જે સત્તા નામનો ગુણ છે – હોવાપણા નામની શક્તિ છે એ શક્તિને અને આને ભેદથી જોઈએ તો પર્યાયનયથી ભેદ છે. પણ જ્યારે વસ્તુ જ આખી છે... આ..હા..હા...! એમ જ્યારે જોવે ત્યારે અતદ્ભાવ નિમગ્ન થઈ જાય છે. ત્યારે 'ગુણ ગુણીનો છે' અને 'ગુણીનો આ ગુણ છે' એ ભાવ નાશ પામી જાય છે. આ..હા..હા..હા...! પર્યાયની તો વાતેય ક્યાં કરવી ! આ..હા..હા...! આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત છે આ ! આહા..હા...!

આમ ‘ઉત્પાદ્-વ્યય-ધ્રુવયુક્તં સત્’ (કહેવાય છે). પણ કહે છે કે, ઉત્પાદ્-વ્યયવાળું આ દ્રવ્ય છે (એ ભેદ થયો). એ ઉત્પાદ્-વ્યય છે એના. અહીં ગુણ(ની વાત લીધી છે). પણ એ અતદ્ભાવ છે. પર્યાય અને આત્માને સંયોગસંબંધ છે. એક ન્યાયે સંયોગસંબંધ કીધું. અરે..રે...! ક્યાં ગયું પાછું, લ્યો ! ‘પંચાસ્તિકાય’ ! વસ્તુ જે ત્રિકાળ નિત્ય રહેનારી પ્રભુ છે એમાં જે નિર્મળ પર્યાય થાય એ પણ સંયોગે છે. એનો ત્રિકાળી સ્વભાવ નથી, એ તો સંયોગે ઉત્પન્ન થાય અને વિયોગે વ્યય થાય. આહા..હા...! સમજાણું આમાં ? ભાઈ ! આ શરીર અને આત્માનો સંયોગ છે એ તો ક્યાંય રહી ગયું, એ તો જુદી (વાત છે). અહીં તો આત્મામાં જે પર્યાય થાય છે એ પર્યાય થાય છે તો એક સમયની છે એ સંયોગસંબંધ છે, સ્વભાવસંબંધ નથી. ત્રિકાળ રહેનારી નથી. આ..હા..હા...! સમજાણું ?

આત્મા જે છે એમાં જે ત્રિકાળ રહેનારા જ્ઞાન, દર્શન ગુણો છે એવો જે ભેદ એ નથી. હવે, અહીં તો પર્યાય છે એને સંયોગી કીધી. ઉત્પન્ન થાય છે અને વ્યય થાય છે. અવસ્થા નવી થાય અને જૂની જાય. નવી થાય તેને સંયોગ કહ્યો, જૂની (જાય) તેને વિયોગ કીધો. સંયોગ અને વિયોગ એની પર્યાયમાં આવ્યો. પરની સાથે કંઈ સંબંધ નથી. આ..હા..હા..હા...! ક્યાં સુધી ખેંચવું છે !? આહા..હા...!

‘**તે (પ્રતીતિ) નિમગ્ન થતાં અયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું નિમગ્ન થાય છે.**’ અયુતસિદ્ધત્વ નાશ થઈ જાય છે. ‘**તેથી બધુંય (આખુંય), એક દ્રવ્ય જ થઈને રહે છે.**’ દ્રવ્ય–વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... જેમાં ગુણભેદ પણ છે નહિ.

વિશેષ કહેશે...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગાથા–૯૮**
**પ્રવચન નં. – ૯૯**
**તા. ૯-૬-૭૯**

('પ્રવચનસાર') ૯૮–ગાથા. કાલે ચાલી હતી, ભાઈ કહે ફરીને લ્યો. આજે હિન્દી (મુમુક્ષુઓ) આવ્યા હતા. ઝીણી–સૂક્ષ્મ વાત છે. કલ ચલી થી. યહાં સે લો. બીચ મેં હૈ ન? '**દ્રવ્ય સે અર્થાન્તરભૂત સત્તા ઉત્પન્ન નહીં હૈ...**' હૈ ? '**દ્રવ્ય સે અર્થાન્તરભૂત સત્તા ઉત્પન્ન નહીં હૈ..**' કલ તો ચલા હૈ, આજ હિન્દી મેં (ચલેગા). ક્યા કહતે હૈં ? ભગવાન 'કુન્દકુન્દ આચાર્ય' ને 'પ્રવચનસાર' બનાયા. ભગવાન કી દિવ્યધ્વનિ કા સાર બનાયા. તત્ત્વ સૂક્ષ્મ હૈ. ૯૮ ગાથા યહાં સે ચલેગી.

દ્રવ્ય યાની વસ્તુ. ભગવાન ને છઃ દ્રવ્ય દેખે હૈં. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાલાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ ઔર એક આકાશ. ભગવાન જિનેશ્વર પ્રભુ કે જ્ઞાન મેં જાતિ સે છઃ દ્રવ્ય (ઔર) સંખ્યા સે અનંત (દ્રવ્ય આયે). પ્રત્યેક દ્રવ્ય યાની વસ્તુ '**દ્રવ્ય સે અર્થાન્તરભૂત સત્તા...**' (અર્થાત્) દ્રવ્ય સત્ હૈ ઉસકા સત્તા નામ કા ગુણ હૈ વહ ભિન્ન નહીં હૈ. આહા..હા...! આત્મા હૈ વહ સત્ હૈ–દ્રવ્ય (હૈ). ઉસમેં સત્તા નામ કા ગુણ હૈ વહ ભિન્ન નહીં હૈ. સત્તા ઔર સત્ દ્રવ્ય એક હૈ. આહા..હા...! હૈ ? '**અર્થાન્તરભૂત...**' યાની દ્રવ્ય સે ભિન્ન ઐસી '**સત્તા ઉત્પન્ન નહીં હૈ...**' અર્થાન્તરભૂત કા અર્થ યહ હૈ.

દ્રવ્ય જો વસ્તુ હૈ ઉસમેં સત્તા નામ કા જો ગુણ હૈ વહ દ્રવ્ય સે અનેરી ચીજ નહીં હૈ, અનેરી ચીજ ઉત્પન્ન નહીં હૈ. '**(નહીં બન સકતી, યોગ્ય નહીં હૈ) કિ જિસકે સમવાય સે વહ (દ્રવ્ય) 'સત્' હો.**' સમવાય (યાની) સંબંધ. દ્રવ્ય જો સત્ હૈ ઉસકા સત્તા ગુણ હૈ ઇસ સત્તા ગુણ કે સંબંધ સે – સંયોગ સે દ્રવ્ય હૈ, ઐસા નહીં. વસ્તુ જો ભગવાનઆત્મા ઔર પરમાણુ હૈ વહ સત્ હૈ – દ્રવ્ય હૈ. ઉસમેં સત્તા નામ કા ગુણ (હૈ) વહ દ્રવ્ય સે અનેરા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નહીં હૈ, દ્રવ્ય સે અભિન્ન હૈ. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! ઇસ સમય તો સબ ગડબડ ચલતી હૈ. બાહર કા કરો, યે કરો... તત્ત્વ ક્યા હૈ, વસ્તુ કિસ પ્રકાર સે હૈ (ઇસકા ભાન નહીં). **'જિસકે સમવાય સે વહ (દ્રવ્ય) 'સત્' હો. (ઇસીકો સ્પષ્ટ સમઝાતે હૈં) :–'** દૃષ્ટાંત કહેંગે.

**'પ્રથમ તો સત્‌સે સત્તાકી યુતસિદ્ધતાસે અર્થાન્તરત્વ નહીં હૈ,...'** સત્ નામ દ્રવ્ય–પદાર્થ, છઓં દ્રવ્ય. સત્ સે સત્તા નામ ગુણ. ઉસકી યુતસિદ્ધતા. યુતસિદ્ધતા નામ સંબંધ. જૈસે લકડી કા સંબંધ લકડીવાલે કે સાથ હૈ ઐસા સત્તા ઔર સત્ દ્રવ્ય કે સાથ સંબંધ નહીં હૈ. યહ Logic તો સૂક્ષ્મ હૈ, બાપૂ ! 'કુન્દકુન્દ આચાર્ય' ભગવાન કે પાસ ગયે થે, આઠ દિન રહે થે, વહાં સે આકર યહ બનાયા હૈ. સૂક્ષ્મ તત્ત્વ હૈ ઔર યહ તત્ત્વ વાસ્તવિક હૈ ઐસા અભેદ ન માને તો મિથ્યાદૃષ્ટિ હૈ ઐસા કહેંગે–પરસમય કહેંગે.

**'સત્‌સે...'** (અર્થાત્) દ્રવ્ય સે **'સત્તા કી...'** નામ ગુણ કી **'યુતસિદ્ધતા...'** (યાની) દો કા સંબંધ. **'અર્થાન્તરત્વ નહીં હૈ,...'** સત્તા ભિન્ન હૈ ઔર સત્ દ્રવ્ય ભિન્ન હૈ ઔર ઉસકા સંયોગ હુઆ, ઐસા હૈ નહીં. સમજ મેં આતા હૈ ?

**'ક્યોંકિ દણ્ડ ઔર દણ્ડી કી ભાંતિ...'** દણ્ડ ઔર દણ્ડી (મેં) દણ્ડ ભિન્ન હૈ ઔર દણ્ડી ભિન્ન હૈ. દણ્ડ સે દણ્ડી કહને મેં આતા હૈ. ઐસા સત્તા સે દ્રવ્ય હૈ, ઐસા નહીં હૈ. આહા..હા...! (ઐસા હો) તો દો પદાર્થ હો ગયે. સત્તા ભિન્ન પદાર્થ હો ગયા ઔર દ્રવ્ય ભિન્ન પદાર્થ હો ગયા. સૂક્ષ્મ બાત હૈ, બાપૂ ! સૂક્ષ્મ બાત. સમ્યગ્દર્શન કા વિષય અખંડ અભેદ હૈ, યહ બતલાતે હૈં.

પ્રશ્ન :– ધર્મ કરના હો ઉસમેં યહ કિસ કામ કા ?

સમાધાન :– ધર્મ – સમ્યગ્દર્શન કરના હો તો ઉસકા દ્રવ્ય જો હૈ ઔર ઉસકા ગુણ હૈ ઉસકી ભેદદૃષ્ટિ ભી છોડની પડેગી. દ્રવ્યદૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન હોગા. સૂક્ષ્મ બાત હૈ, પ્રભુ ! લોગોં કો વ્યાપાર–ધંધે કે આડે દરકાર નહીં. ભગવાન ક્યા કહતે હૈં ? ઔર ક્યા ચીજ હૈ ? આ..હા...!

યહાં કહતે હૈં કિ, **'સત્‌સે સત્તાકી યુતસિદ્ધતાસે અર્થાન્તરત્વ નહીં હૈ, ક્યોંકિ દણ્ડ ઔર દણ્ડી કી ભાંતિ...'** લકડી ઔર લકડીવાન–યે દો ભિન્ન ચીજ હૈં. ઐસે આત્મા દ્રવ્ય હૈ ઔર ઉસકા સત્તાગુણ ભિન્ન હૈ, ઐસા નહીં હૈ. આહા..હા...! વસ્તુ તો ઐસી હૈ, ભાઈ ! યહ પરમાણુ–મિટ્ટી–ધૂલ હૈ, જડ ધૂલ (હૈ) વહ પરમાણુ ભી દ્રવ્ય હૈ ઔર ઉસકા સત્તાગુણ ઉસસે ભિન્ન હૈ, લકડી ઔર લકડીવાલે કી ભાંતિ (ભિન્ન હૈ), ઐસા નહીં હૈ. સત્તા સત્ કી હી ચીજ હૈ, સત્તા સત્ કે સાથ અભેદ હૈ. આહા..હા...! ઐસા, ભગવાન 'કુન્દકુન્દ આચાર્ય' જગત કે સામને ઘોષિત કરતે હૈં. આ..હા...! **'ક્યોંકિ દણ્ડ ઔર દણ્ડી કી ભાંતિ ઉનકે સંબંધમેં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**યુતસિદ્ધતા દિખાઈ નહીં દેતી.**' દો ચીજ ભિન્ન હો ઔર પીછે સે સંબંધ હુઆ હો, ઇસ પ્રકાર સત્–દ્રવ્ય ઔર સત્તા–ગુણ દોનોં ભિન્ન હૈં બાદ મેં સમવાય–સંયોગ હોતા હૈ, ઐસા દિખાઈ નહીં દેતા. આહા..હા...! હૈ ?

'**(દૂસરે)...**' અબ દૂસરી બાત (કરતે હૈં). '**અયુતસિદ્ધતાસે ભી વહ (અર્થાન્તરત્વ) નહીં બનતા.**' આહા..હા...! કહતે હૈં કિ, ઉસકા સંબંધ નહીં હૈ ફિર ભી આત્મા દ્રવ્ય–વસ્તુ હૈ ઔર ઉસકા સત્તાગુણ (હૈ). ગુણી ઔર ગુણ ભિન્ન હૈં, ઐસા કથન આતા હૈ ફિર ભી ગુણી સે ગુણ ભિન્ન નહીં હૈ. વહ તો કથનમાત્ર કહને મેં આતા હૈ. ગુણી–આત્મા ઉસકા સત્તા નામ કા ગુણ (દોનોં) અભિન્ન હૈં. આહા..હા...! ધંધેવાલોં કો ફુરસદ નહીં, સારા દિન પૂરી દુનિયા કે પાપ કે ધંધા (કરતા રહતા હૈ), ઉસમેં ઐસી ભગવાન કી વાણી (સમજની) !

સત્ ઔર સત્તા, દ્રવ્ય ઔર સત્તા ભિન્ન નહીં હૈ. ભિન્ન તો હૈ નહીં પરન્તુ અયુતસિદ્ધતા સે ભિન્ન કહના ભી વ્યવહાર હૈ. હૈ ? ક્યા કહતે હૈં ? દેખો ! '**અયુતસિદ્ધતાસે ભી વહ (અર્થાન્તરત્વ) નહીં બનતા.**' ભલે હી પર કે સાથ સત્તા કા–સત્ કા સંબંધ નહીં. સત્તા સત્ હૈ, ઐસે અયુતસિદ્ધ–સંયોગ બિના કહને મેં આતા હૈ પરંતુ ઉસસે અર્થાન્તર (યાની) સત્ દ્રવ્ય સે સત્તા ભિન્ન હૈ, ઐસા નહીં બનતા. પ્રભુ તો Logic સે બાત કરતે હૈં. સૂક્ષ્મ બાત હૈ, બાપૂ ! આ..હા...! કલ તો અપને ચલ ગયા હૈ, આજ તો ભાઈને (કહા ફિર સે લો, ઇસલિયે લેતે હૈં).

યહ (શરીર) તો પરમાણુ–મિટ્ટી હૈ. ભગવાનઆત્મા અરૂપી ચૈતન્ય હૈ. અંદર જડકર્મ ભિન્ન ચીજ હૈ, કર્મ કે પરમાણુ જો હૈ વહ દ્રવ્ય હૈ ઔર દ્રવ્ય મેં સત્તા નામ કા ગુણ હૈ. ઇસ સત્તા ગુણ કા પરમાણુ કે સાથ સંબંધ હુઆ–સંયોગ હુઆ તો ઐસા હુઆ, ઐસા નહીં. અબ કહતે હૈં કિ, સંયોગ તો નહીં હૈ. પરંતુ શાસ્ત્ર મેં ઐસા આતા હૈ કિ, દ્રવ્ય હૈ સો ગુણ નહીં હૈ. ઐસા અયુતસિદ્ધસંબંધ, સંયોગસંબંધ નહીં લેકિન અયુતસિદ્ધ યાની '(ગુણ) હૈ વહ ઉસમેં હૈ' ઐસે અયુતિસદ્ધતા મેં ભી દ્રવ્યાન્તર નહીં હોતા. ઉસમેં દ્રવ્ય સે સત્તા ભિન્ન હૈ, ઐસા સિદ્ધ નહીં હોતા. આહા..હા...!

સત્તા નામ કા ગુણ (હૈ) ઔર સત્ નામ પ્રભુ–આત્મા સત્ દ્રવ્ય (હૈ). ઉસસે અયુતસિદ્ધતા સે સત્તા કા સંબંધ નહીં હૈ, ઐસા અર્થ હો, ફિર ભી અયુતસિદ્ધતા સે ભિન્નતા સિદ્ધ નહીં હોતી. આહા..હા...! સમજ મેં આયા ? સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! યહ તો 'પ્રવચનસાર' (હૈ) ! 'કુન્દકુન્દ આચાર્ય' ! દિગંબર સંત ! (ઐસા) કહીં હૈ નહીં. દિગંબર સંત કે અલાવા યહ બાત કહીં હૈ નહીં. શ્વેતાંબર ઔર સ્થાનકવાસી મેં ભી હૈ નહીં. ક્યોંકિ વે તો બાદ મેં નિકલે હૈં. યહ તો અનાદિ સનાતન (ચલા આ રહા હૈ). તીનલોક કે નાથ પરમાત્મા 'સીમંધર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વામી' મહાવિદેહ મેં બિરાજતે હૈં. વહાં આઠ દિન ગયે થે. સંવત–૪૯ ! 'કુન્દકુન્દ આચાર્ય' ! આઠ દિન (વહાં) રહકર, યહાં આકર યહ ('પ્રવચનસાર') બનાયા હૈ ઔર યહ ટીકા બનાઈ હૈ–'અમૃતચંદ્રાચાર્ય' ને. મૂલ શ્લોક 'કુન્દકુન્દ આચાર્ય' (કે હૈં). 'અમૃતચંદ્રાચાર્ય' એક હજાર વર્ષ પહલે હુએ હૈં. દિગંબર સંત ! ઉન્હોંને યહ ટીકા બનાઈ હૈ. જગત કો, સત્ ક્યા હૈ ? સત્ કૈસી ચીજ હૈ ? (ઉસકી) પ્રસિદ્ધ કે લિયે (યહ ટીકા બનાઈ હૈ).

પરમાણુ કા સત્ ઔર ઉસકી સત્તા ભિન્ન નહીં. ઐસે આત્મા સત્ દ્રવ્ય ઔર ઉસકી સત્તા સંયોગ સે તો નહીં પરંતુ સંયોગ બિના 'યહ દ્રવ્ય (હૈ) ઔર યહ ગુણ (હૈ)' ઐસે ભી ભિન્ન અર્થાન્તર–ભિન્ન સત્તા નહીં હોતી. આત્મા સે ઉસકી સત્તા, સત્ સે સત્તા ભિન્ન નહીં હોતી. આહા..હા...! દ્રવ્ય–વસ્તુ જો અંદર હૈ ઉસકી સત્તા સંયોગ સે તો સિદ્ધ નહીં હોતી પરંતુ 'યહ ગુણ ઇસ દ્રવ્ય કા હૈ' ઐસી અયુતિસદ્ધતા ભી યથાર્થ મેં હૈ નહીં. આહા..હા...! હૈ ?

**'ઇસમેં યહ હૈ (અર્થાત્ દ્રવ્યમેં સત્તા હૈ)**' 'વસ્તુ હૈ ઉસમેં સત્તા હૈ, હયાતી કા ગુણ હૈ' '**ઐસી પ્રતીતિ હોતી હૈ ઇસલિયે વહ બન સકતા હૈ, –ઐસા કહા જાય...**' (ઐસા) કોઈ પ્રશ્ન કરે... આહા..હા...! કિ, દ્રવ્ય મેં સત્તા હૈ. ગુણી દ્રવ્ય મેં ગુણ હૈ, ઐસા કહને મેં આતા હૈ તો '**ઐસા કહા જાય તો (પૂછતે હૈં કિ) 'ઇસમેં યહ હૈ' ઐસી પ્રતીતિ કિસકે આશ્રય (–કારણ) સે હોતી હૈ ?**' આહા..હા...! ભગવાનઆત્મા સત્ દ્રવ્ય હૈ ઔર ઉસમે સત્તા ગુણ હૈ વહ અર્થાન્તર નહીં. પરંતુ અયુતસિદ્ધતા સે વહ કૈસે સિદ્ધ હોતા હૈ ? આહા..હા...! હૈ ?

'**યદિ ઐસા કહા જાય કિ ભેદકે આશ્રયસે...**' સત્તા ગુણ હૈ ઔર દ્રવ્ય ગુણી હૈ–દ્રવ્ય હૈ. તો દ્રવ્ય ઔર સત્તા (દો હૈ) ઐસા ભેદદૃષ્ટિ સે કહને મેં આતા હૈ. ઐસા યદિ આપ કહો તો ભગવાન 'કુન્દકુન્દ આચાર્ય' કહતે હૈં કિ, '**વહ કૌનસા ભેદ હૈ ?**' આહા..હા...! ભગવાનઆત્મા સત્ દ્રવ્ય ઔર સત્તા ગુણ કા ભેદ સંયોગ સે તો સિદ્ધ નહીં હુઆ. પરંતુ અયુતસિદ્ધતા સે ભેદ હૈ કિ, યહ દ્રવ્ય હૈ, ગુણ નહીં, તો યહ ભેદ આપ કિસ પ્રકાર સે કહતે હો ? આ..હા..હા...! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! Logic હૈ. હૈ ? '**ઐસી પ્રતીતિ કિસકે આશ્રય (–કારણસે) હોતી હૈ ? યદિ ઐસા કહા જાય કિ, ભેદકે આશ્રયસે...**' દ્રવ્ય હૈ (ઔર) સત્તા ગુણ હૈ. ગુણ હૈ વહ ગુણ હૈ ઔર સત્ દ્રવ્ય હૈ. ઐસે ભેદ કે આશ્રય સે હમ કહતે હૈં. ઐસા કહતે હૈં.

(તો હમ પ્રશ્ન પૂછતે હૈં કિ) '**વહ કૌનસા ભેદ હૈ ? પ્રાદેશિક યા અતાદ્ભાવિક ?**' ક્યા કહતે હૈં ? બહુત સૂક્ષ્મ બાત, બાપૂ ! કહતે હૈં કિ, સત્ જો દ્રવ્ય–વસ્તુ હૈ ઔર સત્તા ગુણ હૈ – દોનોં મેં પ્રદેશભેદ હૈ ? પ્રદેશભેદ હૈ ? અંશભેદ હૈ યા અભેદ હૈ ? ઐસી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્મ કી બાતેં કભી (સુની ન હો). આ..હા..હા...! વીતરાગમાર્ગ–જિનેશ્વરમાર્ગ બહુત સૂક્ષ્મ, બાપૂ ! લોગોં કો અભ્યાસ નહીં હૈ (ઔર) બાહર મેં ક્રિયાકાંડ મેં જોડ દિયે. વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો... વહ તો સબ રાગ કી ક્રિયા હૈ.

શ્રોતા :– એક યાત્રા રહ ગઈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– યાત્રા ભી રાગ હૈ, વહાં કહાં ધર્મ હૈ ? 'ગિરનાર' કી યાત્રા કરે યા 'સમેદશીખર' કી કરે, પરદ્રવ્ય કી યાત્રા મેં રાગ હૈ. આહા..હા...!

યહાં તો સત્ ઔર સત્તા, દ્રવ્ય ઔર સત્તા અભિન્ન હૈ – યહ સિદ્ધ કરના હૈ. પરદ્રવ્ય તો ભિન્ન હૈ. ઇસ આત્મા સે શરીર ભિન્ન હૈ, ભગવાન ભિન્ન હૈં, મન્દિર ભિન્ન હૈ, પ્રતિમા ભિન્ન હૈં. આ..હા..હા...! ઉસકી બાત તો યહાં કહતે નહીં, વહ તો ભિન્ન હૈ હી. પરંતુ અપના સ્વભાવ જો દ્રવ્ય હૈ ઉસમેં સત્તા નામ કા જો ગુણ હૈ વહ અભેદ હૈ યા ભેદ હૈ ? (તો કહતે હૈં કિ), સંયોગ સે તો ભેદ નહીં. લકડી સે (લકડીવાલા) હુઆ, દણ્ડ સે દણ્ડી હુઆ ઇસ તરહ સત્તા સે સત્ હુઆ, ઐસા તો નહીં. પરંતુ સત્તા નામ કા ગુણ હૈ ઔર સત્ નામ કા દ્રવ્ય હૈ, ઐસા તો ભેદ હૈ. વહ સંયોગસિદ્ધ સંબંધ નહીં હુઆ. અયુતસિદ્ધતા (સે ભેદ હૈ) તો અયુતસિદ્ધતા કે ભેદ કા આશ્રય ક્યા હૈ ? યહ કહતે હૈં.

યદિ પ્રાદેશિકભેદ કહો (અર્થાત્) દ્રવ્ય જો વસ્તુ હૈ ઉસકે પ્રદેશ ઔર સત્તા ગુણ કે પ્રદેશ ભિન્ન હૈં, ઐસા કહો તો ઐસા હૈ નહીં. આહા..હા...! હૈ ? '**પ્રાદેશિક તો હૈ નહીં,...**' આ..હા..હા...! હૈ ? નીચે (મૂલ શાસ્ત્ર મેં અર્થ દિયા) હૈ. 'દ્રવ્ય ઔર સત્તામેં પ્રદેશભેદ નહીં હૈ; ક્યોંકિ પ્રદેશભેદ હો તો યુતસિદ્ધત્વ આયે, જિસકો પહલે હી રદ્દ કરકે બતાયા હૈ.' આહા..હા...! જૈસે દણ્ડ સે દણ્ડવાલા (હૈ) ઐસા સંયોગ (દ્રવ્ય ઔર સત્તા કે બીચ) હો તો ઐસા હૈ નહીં. દણ્ડ કે પ્રદેશ ભિન્ન હૈં ઔર દણ્ડી કે (પ્રદેશ) ભિન્ન હૈં. દોનોં કે પ્રદેશ ભિન્ન હૈં – ક્ષેત્ર ભિન્ન હૈં. ઐસે પ્રદેશભિન્ન હૈં ? સત્ દ્રવ્ય ઔર સત્તા ગુણ કે ક્યા પ્રદેશભેદ હૈં ? (તો કહતે હૈં કિ), પ્રદેશભેદ હૈ નહીં. પ્રદેશભેદ કો તો (પહલે હી) રદ્દ કરકે બતાયા હૈ. ઐસી બાત હૈ. હૈ ?

શ્રોતા :– ઐસા સૂક્ષ્મ સમજને મેં કઠિન પડતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વસ્તુ ઐસી હૈ, બાપૂ ! વીતરાગ સર્વજ્ઞ દ્વારા કહી હુઈ (હૈ), ઇનકે અલાવા કહીં હૈ નહીં. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર ! જિન્હોંને એક સમય મેં તીનકાલ તીનલોક દેખે. ઉન્હોંને પદાર્થ કી (જો) સ્થિતિ દેખી, ઐસા કહા. ઐસી ચીજ જિનેશ્વર કે અલાવા કહીં હૈ નહીં. વેદાંત (કહતા હૈ) એક સર્વવ્યાપક આત્મા હૈ, વૈશેષિક (મેં ભી નહીં), અરે...! શ્વેતાંબર સ્થાનકવાસી મેં હૈ નહીં. (જિન્હેં) જૈન કહતે હૈં ઉસમેં ભી યહ ચીજ હૈ નહીં. આહા..હા...!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



और दिगंबर में है तो (उनकी) समज में है नहीं. कोई दरकार नहीं, पैसे कमाना, भोग लेना, खाना-पीना, एकाद घंटा मिले तो भगवान की पूजा कर ले (या) यात्रा करे. धूल में वहां धर्म नहीं है. भगवान की लाख-करोड पूजा कर तो भी राग है, वह धर्म नहीं है.

प्रश्न :– हमें भगवान की पूजा करनी या नहीं करनी ?

समाधान :– वह आता है, दूसरी बात है. अशुभ भाव से बचने को शुभ भाव आये, परंतु वह हेय है. आहा..हा...! ऐसी बात है, प्रभु ! यह तो वीतरागमार्ग (है), बापू ! जिसे इन्द्रों, गणधरों भगवान के पास सुनते हैं !! वह बात कैसी होगी !! इन्द्र जो है–शकरेन्द्र ! पहले देवलोक–सुधर्मदेवलोक के इन्द्र–शकरेन्द्र एकावतारी (हैं) ! एक भव में मोक्ष जानेवाले हैं. सुधर्मदेवलोक के इन्द्र भगवान के पास सुनने जाते हैं ! उनकी रानी एकभवतारी (हैं) ! हजारों रानियोंमें से एक रानी एक भव में मोक्ष जानेवाली हैं ! वे भगवान के पास सुनने जाते हैं. तीन ज्ञान के धनी तो वे स्वयं हैं. भगवान की वह बात कैसी होगी !! आ..हा..हा...! दया पालो, व्रत करो.. वह तो कुम्हार भी कहते हैं. आहा..हा...! बापू ! तत्त्व की बात अलग है. आहा..हा...!

(यहां) क्या कहा ? '**प्रादेशिक तो है नहीं, क्योंकि युतसिद्धत्व पहले ही रद्द (नष्ट, निरर्थक) कर दिया गया है,...**' अर्थात् भिन्न सत्ता और भिन्न द्रव्य इसका तो पहले से ही निषेध करते आये हैं, नष्ट करते आये हैं. आहा..हा...! '**और यदि अताद्‌भाविक कहा जाय...**' आ..हा..हा...! गुण है वह गुणी नहीं और गुणी है वह गुण नहीं, ऐसा शास्त्र में आये. ऐसा अतद्‌भाव से कहने में आता है. (मूल शास्त्र में अताद्‌भाविक का अर्थ नीचे है) 'द्रव्य वह गुण नहीं है और गुण वह द्रव्य नहीं है, –ऐसे द्रव्य-गुणके भेदको (गुण-गुणी-भेदको) अताद्‌भाविक (तद्‌रूप न होनेरूप) भेद कहते हैं. यदि द्रव्य और सत्तामें ऐसा भेद कहा जाय तो वह योग्य ही है.' इतना व्यवहार से योग्य है, परंतु उसमें भी भेद है. आहा..हा...!

**'यदि अताद्‌भाविक कहा जाय तो वह उपपन्न ही (ठीक ही) है, क्योंकि ऐसा (शास्त्रका) वचन है कि 'जो द्रव्य है वह गुण नहीं है'.** भगवान वीतराग दिगंबर संतो के शास्त्र में ऐसा (कहा है कि), (जो) द्रव्य (है) वह गुण नहीं (है). आहा..हा...! आत्मा द्रव्य है वह ज्ञान नहीं है. ज्ञान गुण है और आत्मा गुणी है. तो गुण है वह गुणी नहीं और गुणी है वह गुण नहीं. ऐसा शास्त्र में आता है. अब, उसमें भी और विचार करते हैं. आ..हा..हा...! ऐसा मार्ग !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ (ઇસકી ખબર નહીં). સમ્યગ્દર્શન પર કે કારણ સે તો ઉત્પન્ન નહીં હોતા. દેવ-ગુરુ-શાસ્ત્ર સે તો ઉત્પન્ન નહીં હોતા, પુણ્ય નામ દયા, દાન, વ્રત, ભક્તિ સે ભી ઉત્પન્ન નહીં હોતા, પર્યાય કે લક્ષ સે ભી સમકિત ઉત્પન્ન નહીં હોતા, ગુણ-ગુણી કે ભેદ કે લક્ષ સે ભી સમકિત નહીં હોતા. આહા..હા...! અભેદ ચિદાનંદ પ્રભુ ! અખંડાનંદ પ્રભુ ! પૂર્ણાનંદ અભેદ એકરૂપ (સ્વરૂપ કી) દૃષ્ટિ કરને સે સમકિત હોતા હૈ. ઉસકી તો ખબર નહીં. અભેદ ક્યા, ભેદ ક્યા ઉસકી કુછ ખબર નહીં ઔર (કહતે હૈં કિ), હમ જૈન હૈં ! અજૈન કો જૈન માનતે હૈં. આહા..હા...! જૈન પરમેશ્વર ત્રિલોકનાથ 'સીમંધર' પ્રભુ તો સમવસરણ મેં બિરાજતે હૈં, વહી યહ વાણી હૈ. આહા..હા...! પરંતુ લોગોં કો અભ્યાસ નહીં.

શ્રોતા :– સમજના કઠિન પડતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી :– જિસે આત્મા કી પડી હૈ (કિ), અરે..રે...! અનંતકાલ સે યહ પરિભ્રમણ (ચલ) રહા હૈ, ચૌરાસી લાખ (યોની) કે અવતાર, એક સમ્યગ્દર્શન કે બિના ! આ..હા..હા...! અનંત... અનંત... ચૌરાસી લાખ યોની કે અવતાર, એક-એક યોની મેં અનંત અવતાર ! બાપૂ ! નરક કે દુઃખ તુને સુને નહીં હૈ, ભાઈ ! આહા..હા...! નીચે નારકી (રહતે હૈં ઉસ) નરક કે દુઃખ ! પ્રભુ ! તૂ વહાં અનંતબાર ગયા. અનાદિકાલ સે તુને અનંત ભવ કિયે. સાતવીં નરક કે તૈંતીસ સાગર કે અનંત ભવ કિયે. ઉસકે એક અંતર્મુહૂર્ત કા દુઃખ પ્રભુ ઐસા કહતે હૈં કિ, બાપૂ ! તુજ સે સુના નહીં જાયેગા. આહા..હા...! ઉસકે અંતર્મુહૂર્ત કા દુઃખ ક્રોડ ભવ ઔર ક્રોડ જીભ સે ભી હમ નહીં કહ પાયેંગે. ઇતને દુઃખ તુને સહન કિયે હૈં. (એક) આત્મજ્ઞાન ઔર સમકિત કે બિના ! આહા..હા...! બાકી તો વ્રત ઔર તપ કી ક્રિયા તો અનંત બાર (કી). 'મુનિવ્રત ધાર અનંતબૈર, ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' મુનિવ્રત ધારણ કિયા, દિગંબર સાધુ હુઆ, પંચ મહાવ્રત લિયે, અઠ્ઠાઇસ મૂલગુણ (પાલે) વહ તો રાગ હૈ. આસ્રવ હૈ, દુઃખ હૈ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' સુખ નહીં મિલા. પંચમહાવ્રત મેં સુખ નહીં હૈ, પંચ મહાવ્રત કે પરિણામ દુઃખ હૈં. ઐસા તો કૌન માને ? વહ દુઃખ હૈ. રાગ હૈ, આસ્રવ હૈ (વહ) દુઃખ હૈ. આહા..હા...!

એક આત્મા ! પૂર્ણાનંદ કા નાથ પ્રભુ અભેદ ચીજ ! જિસકી દૃષ્ટિ મેં ગુણ-ગુણી કા ભેદ ભી નહીં. આહા..હા...! વહ અંત મેં કહેંગે–ઇસ પ્રકાર (જો) અભેદ કો નહીં માનેગા વહ પરસમય મિથ્યાદૃષ્ટિ હૈ. ચાહે તો જૈન મેં રહા હો ! અંત મેં કહેંગે. હૈ ન આખિર મેં ? અંતિમ પંક્તિ હૈ. **'ઐસા હોનેસે (યહ નિશ્ચિત હુઆ કિ) દ્રવ્ય સ્વયમેવ સત્ હૈ. જો ઐસા નહીં માનતા વહ વાસ્તવમેં 'પરસમય' મિથ્યાદૃષ્ટિ હી માનના.'** આ..હા..હા..હા...! સૂક્ષ્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બાત હૈ, પ્રભુ !

તેરી મહાનતા કી ક્યા બાત કરેં, નાથ ! તૂ અંદર કૌન હૈ ? આ..હા..હા...! અનંત... અનંત... ગુણોં કા ભંડાર, પ્રભુ ! અંદર આત્મા મેં અનંત... અનંત.. ગુણ (હૈં). જ્ઞાન અનંત, દર્શન અનંત, આનંદ અનંત, અસ્તિત્વ અનંત, વસ્તુત્વ અનંત, જીવતર અનંત, કર્તા અનંત, કર્મ અનંત, કરણ અનંત... આ..હા..હા...! સુખ અનંત, વીર્ય અનંત... ઐસે અનંત... અનંત... ગુણ કી શક્તિયાં (વિદ્યમાન હૈં). જિનકી અનંતતા કા અંત નહીં હૈ, ઐસે અનંત ગુણ કા રૂપ તેરા હૈ, પ્રભુ ! આહા..હા...! આહા..હા...! ઉસકી અંતરદૃષ્ટિ હુએ બિના ધર્મ કા સમ્યગ્દર્શન ભાવ નહીં પ્રગટ હોગા, પ્રભુ ! મરકર ભી લાખ ક્રિયાકાંડ કર ન ! યાત્રા, ભક્તિ, પૂજા, દાન ઔર દયા–યે સબ રાગ કી–ક્લેશ કી ક્રિયા હૈ. અર..ર..ર...!

યહાં રાગ તો નહીં, યહાં તો ઉસકા ગુણ જો હૈ, પર્યાય કી તો બાત (હી નહીં કરતે), પર્યાય કી બાત બાદ મેં કરેંગે (કિ), પર્યાય હૈ. આ..હા..હા...! યહાં તો પ્રભુ આત્મા યા પરમાણુ યા છઃ દ્રવ્ય અનંત હૈં, (ઉન) પ્રત્યેક દ્રવ્ય કી સત્તા–ગુણ ઔર સત્ હૈ વહ દ્રવ્ય (હૈ), દોનોં અભેદ હૈં. આહા..હા...! સત્તા નામ કા ગુણ ઔર સત્ દ્રવ્ય કે સાથ ઉસકા સંયોગ હુઆ, લકડીવાલે કો જૈસે લકડી કા (સંયોગ હુઆ) ઐસે નહીં. અબ કહતે હૈં કિ, શાસ્ત્ર મેં ઐસા આયા હૈ... દેખિયે ! આયા ન ? દેખો ! '**ક્યોંકિ ઐસા (શાસ્ત્રકા) વચન હૈ...**' ક્યા ? '**જો દ્રવ્ય હૈ વહ ગુણ નહીં**' હૈ ? દ્રવ્ય નામ વસ્તુ ભગવાન ! ઉસમેં સત્તા નામ કા ગુણ (હૈ). યહ દ્રવ્ય હૈ વહ ગુણ નહીં, ઐસા શાસ્ત્ર મેં વ્યવહાર સે કહા હૈ. આહા..હા...!

'**પરન્તુ (યહાં ભી યહ ધ્યાનમેં રખના કિ)...**' પરંતુ યહાં ભી ધ્યાન મેં રખના. આ..હા..હા...! ક્યા ? '**યહ અતાદ્ભાવિક ભેદ 'એકાન્તસે ઇસમેં યહ હૈ' ઐસી પ્રતીતિકા આશ્રય (કારણ) નહીં હૈ,...**' દ્રવ્ય મેં સત્તા હૈ, ઐસા એકાંત નહીં. આ..હા..હા...! દ્રવ્ય સ્વયં હી સત્રૂપ–સત્તારૂપ હૈ. આહા..હા...! સૂક્ષ્મ બાત હૈ, ભાઈ ! વીતરાગ ધર્મ બહુત સૂક્ષ્મ ! દુનિયા મેં કહીં નહીં હૈ. (જિસકે પાસ) હૈ ઉસે ખબર નહીં. સંપ્રદાય મેં જન્મ લિયા (લેકિન) વ્યાપાર-ધંધા કરના, સ્ત્રી-પુત્ર કો સંભાલના, ઇસમેં ઐસે હી જિંદગી (નિકાલ દી). બાઈસ ઘંટે (મેં) છઃ-સાત ઘંટે સો જાયે, દો-ચાર ઘંટે સ્ત્રી-પુત્ર કો રાજી રખે, દો-તીન બાર ખાના ખાય ઉસમેં દો ઘંટે ચલે જાય, (દિન હો ગયા પૂરા), ઉસમેં એકાદ ઘંટા સુનને જાય તો ઉસે ઐસા (સુનને) મિલે કિ, વ્રત કરો, ઉપવાસ કરો, તપ કરો ઔર યાત્રા કરો. આહા..હા...! ઐસી ઉસે મિથ્યાદૃષ્ટિ કી બાતેં (સુનને) મિલે. આ..હા..હા...!

પ્રભુ ! વહ રાગ તો તેરે મેં હૈ નહીં પરંતુ સત્ દ્રવ્ય જો હૈ, ઉસમેં સત્તા નામ કા ગુણ હૈ. યહ ગુણ હૈ વહ ગુણી નહીં, ઐસા શાસ્ત્ર કા વચન હૈ. યહ અતદ્ભાવ (કી) અપેક્ષા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બરાબર હૈ પરંતુ અતદ્ભાવ મેં ભી એકાંત નહીં. આહા..હા...! સમજ મેં આતા હૈ ? '**ક્યોંકિ વહ (અતાદ્ભાવિક ભેદ) સ્વયમેવ ઉન્મગ્ન ઔર નિમગ્ન હોતા હૈ.**' આહા..હા...! ક્યા કહતે હૈં ? ભગવાનઆત્મા યા પરમાણુ આદિ જો દ્રવ્ય હૈં ઉસમેં સત્તા ગુણ (હૈ). યહ ગુણ હૈ વહ ગુણી નહીં ઔર ગુણી હૈ વહ ગુણ નહીં, ઐસા કહા હૈ. પરંતુ વહ અતદ્ભાવ યુતસિદ્ધ તો નહીં (હૈ). (અર્થાત્) ગુણ ઔર ગુણી કા સંયોગસિદ્ધ તો નહીં (હૈ). પરંતુ ગુણ હૈ વહ ગુણી નહીં ઔર ગુણી હૈ વહ ગુણ નહીં (ઐસા) અતદ્ભાવ હૈ સહી. પરંતુ ઉસ અત્દભાવ મેં ભી એકાંત નહીં (હૈ). આહા..હા...! ક્યા એકાંત નહીં ?

'**(અતાદ્ભાવિક ભેદ) સ્વયમેવ ઉન્મગ્ન ઔર નિમગ્ન હોતા હૈ. વહ ઇસપ્રકાર હૈ :– જબ દ્રવ્યકો પર્યાય પ્રાપ્ત કરાઈ જાય...**' આ..હા..હા...! વસ્તુ મેં ગુણ હૈ વહ ભેદ (હૈ). ભેદ હૈ ઉસે પર્યાય કહા જાય તો પર્યાયભેદ સે અતદ્ભાવ બાહર દિખતા હૈ, ઉન્મગ્ન (હોતા હૈ). પર્યાયદૃષ્ટિ સે–ભેદદૃષ્ટિ સે કહો તો આત્મા ઔર સત્તા ગુણ મેં પર્યાયદૃષ્ટિ સે–ભેદદૃષ્ટિ સે અતદ્ભાવ દિખાઈ દેતા હૈ. આહા..હા...! અરે..રે...! ઐસા પ્રભુ કા માર્ગ ! પ્રભુ તો મહાવિદેહ મેં બિરાજતે હૈં. સમવસરણ મેં ધર્મસભા મેં ઇન્દ્રોં જાતે હૈં, બાઘ ઔર શેર સભા મેં જાતે હૈં. બાપૂ ! ઐસી બાતેં કૈસી હોગી, ભાઈ ! આહા..હા...!

સમ્યગ્દર્શન કા વિષય આત્મા તો કહતે હૈં કિ, ગુણી હૈ વહ ગુણ નહીં, ઐસા શાસ્ત્રવચન હૈ. ઇસલિયે વહ અતદ્ભાવ કહને મેં આતા હૈ. પરંતુ અબ અતદ્ભાવ મેં ભી દો દૃષ્ટિ સે દેખને મેં આતા હૈ. આ..હા..હા...! અર્થાત્ આત્મા સત્ દ્રવ્ય હૈ ઔર સત્તા ગુણ હૈ. ઐસા અતદ્ભાવ(રૂપ) વ્યવહાર કહને મેં આયા હૈ પરંતુ ઇસ અતદ્ભાવ મેં ભી દો અપેક્ષા હૈ. આહા..હા...! ક્યા (અપેક્ષા હૈ) ? કિ, '**જબ દ્રવ્યકો પર્યાય પ્રાપ્ત કરાઈ જાય (અર્થાત્ જબ દ્રવ્યકો પર્યાય પ્રાપ્ત કરતી હૈ–પહુંચતી હૈ ઇસપ્રકાર પર્યાયાર્થિકનયસે દેખા જાય) તબ હી– 'શુક્લ યહ વસ્ત્ર હૈ,...)**' પર્યાયનય સે – ભેદનય સે દેખો તો '**શુક્લ યહ વસ્ત્ર હૈ, યહ ઇસકા શુક્લત્વ ગુણ હૈ**' શુક્લત્વ યહ વસ્ત્ર હૈ ઔર ઇસકા શુક્લત્વ ગુણ હૈ '**ઇત્યાદિકી ભાંતિ 'ગુણવાલા યહ દ્રવ્ય હૈ, યહ ઇસકા ગુણ હૈ', ઇસપ્રકાર અતાદ્ભાવિક ભેદ ઉન્મગ્ન હોતા હૈ;...**' અતાદ્ભાવિક ભેદ બાહર મેં દિખને મેં આતા હૈ. આહા..હા...! ઐસી વાણી !

ક્યા કહતે હૈં ? કિ, ભગવાનઆત્મા ! યહાં તો સત્તા (ગુણ) લિયા હૈ, બાકી તો પ્રત્યેક ગુણ... આ..હા..હા...! વસ્તુ જો અંદર ભિન્ન પ્રભુ હૈ ઉસમેં અનંત ગુણ હૈં, તો ગુણ હૈ વહ ગુણી નહીં ઔર ગુણી હૈ વહ ગુણ નહીં, ઐસા શાસ્ત્ર કા વચન હૈ. ઇસ અપેક્ષા સે અતદ્ભાવ કહને મેં આતા હૈ. પરંતુ અતદ્ભાવ (કો) ભી દેખને કી દો દૃષ્ટિ હૈં. આહા..હા...! જબ દ્રવ્ય કો ભેદ (સે) પહુંચના હૈ (અર્થાત્) ભેદ સે દેખો તો અતદ્ભાવ (યાની) ગુણ હૈ વહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણી નહીં. કિસકી ભાંતિ ? હૈ, દેખો ! હૈ ? **'શુક્લ યહ વસ્ત્ર હૈ, યહ ઇસકા શુક્લત્વ ગુણ હૈ' ઇત્યાદિકી ભાંતિ 'ગુણવાલા યહ દ્રવ્ય હૈ,...'** શુક્લ યહ વસ્ત્ર હૈ, ઇસપ્રકાર ગુણવાલા યહ દ્રવ્ય હૈ. આહા..હા...! ઐસે ભેદદૃષ્ટિ સે–પર્યાયદૃષ્ટિ સે–વ્યવહારદૃષ્ટિ સે કહને મેં આતા હૈ. આ..હા..હા...! ઐસા હૈ, પ્રભુ ! અનજાને આદમી કો (નયા લગે). પ્રભુ કા માર્ગ, બાપૂ ! 'વીરનો માર્ગ છે શૂરાનો, કાયરના ત્યાં કામ નથી' ઐસે તો અનંત બાર જૈન મેં (જન્મ લિયા), અનંત બાર દિગંબર સુધા હુઆ, મુનિવ્રત ધારણ કરકે અનંત બાર નવવીં ગ્રૈવેયક ગયા. આહા..હા...! પરંતુ અંતર ચીજ (ક્યા હૈ ઉસે જાના નહીં).

શાસ્ત્ર મેં ગુણ ઔર ગુણી કો ભિન્ન કહા હૈ ફિર ભી ઉસે ભેદદૃષ્ટિ સે – પર્યાય નય સે દેખો તો (જૈસે) 'શુક્લ યહ વસ્ત્ર હૈ' ઐસે 'ગુણવાલા યહ દ્રવ્ય હૈ' 'ગુણવાલા યહ દ્રવ્ય (હૈ), શુક્લ યહ વસ્ત્ર (હૈ)' યહ વ્યવહારનય સે – પર્યાયનય સે કહને મેં આતા હૈ. આ..હા..હા...! પર્યાય નય ક્યા ઔર દ્રવ્ય નય ક્યા ? (ઇસકી ખબર નહીં). ફુરસદ કહાં હૈ જગત કો ? સારા દિન ધંધા-વ્યાપાર (સે ફુરસદ નહીં), ઘંટે-દો ઘંટે (સુનને) જાયે (ઔર જો સુને ઉસે) જય નારાયણ (કહકર નિકલ જાય). ઉસકા વિચાર કરને કા સમય કહાં હૈ ? અરે... પ્રભુ ! યહ તો વીતરાગ કા માર્ગ (હૈ).

પ્રશ્ન :– ભગવાન કી ગદ્દી પર બૈઠકર કહે તો સચ હી બોલે ન, ઉસમેં વિચાર ક્યા કરના ?

સમાધાન :– વર્તમાન મેં તો સબ ભાન બિના કા ચલ રહા હૈ. અભી તો પંડિત ઔર સાધુ ઐસી પ્રરૂપણા કરતે હૈં કિ, વ્રત કરો, તપ કરો, ઉપવાસ કરો, ત્યાગ કરો. (લેકિન) કિસકા ત્યાગ ? વ્રત કરો ઔર ઉપવાસ કરો–દોનોં રાગ કી ક્રિયા હૈ. ઐસે વ્રત ઔર તપ તો અનંત બાર કિયે હૈં. પડિમા ધારણ કરો... પડિમા તો રાગ હૈ.

ભગવાનઆત્મા અંદર અનંત ગુણ કા પિંડ હૈ. યે ગુણવાલા ગુણી હૈ, ઐસા ભેદ ભી પર્યાયનય સે કહને મેં આતા હૈ. 'શુક્લ–ધોળા યહ વસ્ત્ર હૈ' ધોળા સમજે ? ધોળા કહતે હૈં ન ! સફેદ ! 'સફેદ યહ વસ્ત્ર હૈ' યહ ભી વ્યવહારનય કા વિષય હૈ, પર્યાયનય સે કહને મેં આતા હૈ. ઐસે 'ગુણવાલા યહ દ્રવ્ય હૈ'. હૈ ? **'ગુણવાલા યહ દ્રવ્ય હૈ'** આહા..હા...! 'શુક્લ યહ વસ્ત્ર હૈ' ઐસે **'ગુણવાલા દ્રવ્ય હૈ, યહ ઇસકા ગુણ હૈ', ઇસપ્રકાર અતાદ્ભાવિક ભેદ ઉન્મગ્ન હોતા હૈ;...'** અતદ્ભાવ (અર્થાત્) ગુણ હૈ વહ ગુણી નહીં ઔર ગુણી હૈ વહ ગુણ નહીં. ઐસા અતદ્ભાવ બાહ્ય મેં પ્રસિદ્ધિ મેં દિખને મેં આતા હૈ. આહા..હા...! અબ ઇસસે ભી આગે કી બાત કરતે હૈં. ભાષા તો સાદી હૈ, પ્રભુ ! પરંતુ માર્ગ તો જો હૈ સો હૈ, દૂસરા કહાં સે લાયે ? આ..હા...! કરોડપતિ કે લિયે સોના કરના હો તો ચાર આના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મેં સોના હો જાય ? સોના ક્યા કહતે હૈં ? શેલુ (–કીમતી વસ્ત્ર) બનાઓ ! ઐસે યહ બાત તો બાપૂ ! ઐસી (કીમતી) હૈ, ઉસે આસાન બનાઓ ! (ઐસા કહે તો) કૈસે આસાન (બનાયે) ? વિપરીત કરકે બનાયેં ? આ..હા...! (જગત કો) કહાં પડી હૈ, બાપૂ ! અરે..રે...! અનંતકાલ સે રખડતા હૈ, દુઃખી હૈ. કરોડોપતિ, અબજોપતિ બેચારે ભિખારી હૈં. આત્મા મેં અનંત લક્ષ્મી પડી હૈ ઉસકી તો દરકાર નહીં હૈ ઔર બાહર કી ધૂલ માંગતા હૈ કિ, ધૂલ લાઓ, ઇજ્જત લાઓ, કીર્તિ લાઓ, સ્ત્રી લાઓ ! બડે ભિખારી હૈં. ઉદ્યોગપતિ બડે ભિખારી હૈં. યહાં તે યહ બાત હૈ. અંતર ભગવાન અનંત ગુણ કા પિંડ પ્રભુ ! બાદશાહ ! અંદર અનંત ગુણ કા નાથ હૈ ઉસમેં તો ઢૂંઢને જાતા નહીં, અંદર જાતા નહીં કિ અંદર ક્યા ચીજ હૈ ? ઔર બાહર મેં યે લાઓ... યે લાઓ... યે લાઓ... યે લાઓ... (કરકે ભીખ માગતા હૈ). આ..હા...!

(યહાં કહતે હૈં કિ), '**ગુણવાલા યહ દ્રવ્ય હૈ, યહ ઇસકા ગુણ હૈ', ઇસપ્રકાર અતાદ્ભાવિક ભેદ...**' દિખને મેં આતા હૈ. ઉન્મગ્ન નામ જાનને મેં આયે. પરંતુ વહ તો વ્યવહાર હુઆ. '**પરંતુ જબ દ્રવ્યકો દ્રવ્ય પ્રાપ્ત કરાયા જાય...**' આ..હા..હા...! વસ્તુ કો વસ્તુ પ્રાપ્ત કરાઈ જાય, ભેદ નહીં. અંદર ભગવાન પૂર્ણાનંદ કા નાથ પ્રભુ !... આહા..હા...! જિસમેં રાગ તો નહીં, પર્યાય ભી નહીં ઔર ગુણભેદ ભી નહીં. ઐસા અભેદ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર કહતે હૈં. ઐસા અભેદ ભગવાનઆત્મા ! હૈ ?

'**દ્રવ્ય કો દ્રવ્ય પ્રાપ્ત કરાયા જાય (અર્થાત્ દ્રવ્યકો દ્રવ્ય પ્રાપ્ત કરતા હૈ;–પહુંચતા હૈ ઇસપ્રકાર દ્રવ્યાર્થિકનયસે દેખા જાય),...**' આ..હા..હા...! અતદ્ભાવ યુતસિદ્ધ તો નહીં. દણ્ડ ઔર દણ્ડી કી ભાંતિ, લકડી ઔર લકડીવાન (કી ભાંતિ) સત્તા ઔર સત્ દ્રવ્ય (નહીં હૈ). પરંતુ ગુણ ઔર ગુણી દોનો ભિન્ન હૈં, ઐસા શાસ્ત્રવચન હૈ. પરંતુ ઉસ અતદ્ભાવ કો દેખને કી ભી દો દૃષ્ટિ હૈ. યદિ ઉસે પર્યાયદૃષ્ટિ સે દેખો તો 'ગુણવાલા યહ (દ્રવ્ય) હૈ, યહ ગુણ (દ્રવ્ય કા) હૈ' ઐસા (ભેદ) ઉન્મગ્ન નામ જાનને મેં–દેખને મેં આતા હૈ. આ..હા..હા...! હૈ ? '**ઉન્મગ્ન હોતા હૈ;...**' ઉન્મગ્ન કા અર્થ – વહ મુખ્ય(રૂપ સે) ખ્યાલ મેં આતા હૈ. ગુણવાલા (તે) ગુણ, ગુણ તે ગુણવાલા ('ગુણવાલા યહ દ્રવ્ય') ઐસી ભેદદૃષ્ટિ સે અતદ્ભાવ કો દેખેં તો વહાં યહ અતદ્ભાવ પર્યાયદૃષ્ટિ સે ભિન્ન દેખને મેં આતા હૈ. ગુણ ઔર ગુણી (ઐસા ભેદ) પર્યાયદૃષ્ટિ સે – વ્યવહારદૃષ્ટિ સે (દેખને મેં આતા હૈ). ઐસી બાત બનિયે કો–વેપારી કો મિલે ! (જિસે) વ્યાપાર સે ફુરસદ નહીં મિલે, ઉસમેં ઐસી બાત કા નિર્ણય કરને કબ જાયે ? આહા..હા...!

અરે..રે...! જિંદગી ચલી જા રહી હૈ, ભાઈ ! દેહ કી સ્થિતિ (પૂરી હોને કા) જો સમય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હૈ ઉસકે સમીપ જા રહા હૈ. જિતના સમય જા રહા હૈ (વહ મૃત્યુ કે સમીપ જા રહા હૈ). દેહ કી સ્થિતિ કબ પૂરી હોનેવાલી હૈ વહ નિશ્ચિત હૈ. જિતને દિન જા રહે હૈં ઉતને મૃત્યુ કે સમીપ જા રહે હૈં. આ..હા..હા...! ઉસમેં કરના યહ હૈ, ઐસી સૂઝ નહીં આયે (તો) પશુ જૈસા અવતાર હૈ. ભલે હી અરબોપતિ હોં, ઉદ્યોગપતિ હોં ઔર લોગોં મેં પ્રશંસા હોતી હો.. ઓ..હો..હો...!

'**પરંતુ જબ દ્રવ્યકો દ્રવ્ય પ્રાપ્ત કરાયા જાય...**' આહા..હા...! દ્રવ્ય કો દ્રવ્ય પ્રાપ્ત (કરે) યાની દ્રવ્ય પર જબ દૃષ્ટિ પડે. (અર્થાત્) સત્તા ગુણ (હૈ) ઔર દ્રવ્ય ગુણી (હૈ) ઐસા ભેદ ભી નિકાલકર વસ્તુ અખંડ હૈ ઉસમેં દૃષ્ટિ પડે. ઓ..હો..હો...! '**પરંતુ જબ દ્રવ્યકો દ્રવ્ય પ્રાપ્ત કરાયા જાય (અર્થાત્ દ્રવ્યકો દ્રવ્ય પ્રાપ્ત કરતા હૈ;–પહુંચતા હૈ ઇસપ્રકાર દ્રવ્યાર્થિકનયસે દેખા જાય), તબ જિસકે સમસ્ત ગુણવાસનાકે ઉન્મેષ અસ્ત હો ગયે હૈં...**' આ..હા..હા...! ક્યા કહતે હૈં ? પરમાણુ ઔર (દૂસરે) દ્રવ્ય તો ઠીક હૈ. યહાં તો ભગવાનઆત્મા ! જ્ઞાન ગુણ હૈ ઔર આત્મા ગુણી હૈ, ઐસા અતદ્ભાવ (હૈ). ક્યોંકિ (ગુણ-ગુણી કા ભેદ હૈ), ઐસા શાસ્ત્ર કા વચનવ્યવહાર હૈ કે, આત્મા જ્ઞાન હૈ, જ્ઞાન આત્મા હૈ. પરંતુ યહાં તો કહતે હૈં કિ, અતદ્ભાવ કો ભેદદૃષ્ટિ–પર્યાયદૃષ્ટિ સે દેખેં તો ગુણી દ્રવ્ય (હૈ) ઔર ગુણ જ્ઞાન (હૈ), ઐસા (ભેદ) ઉન્મગ્ન (નામ) નજર મેં આતા હૈ. પરંતુ વહ દૃષ્ટિ છોડકર... આ..હા..હા...! દ્રવ્યાર્થિકનય સે દેખો... આ..હા..હા..હા...! વસ્તુ ભગવાન પૂર્ણાનંદ કા નાથ અંદર હૈ. ગુણ સે ગુણી ઔર ગુણી કા ગુણ, ઐસા વિચાર ભી છોડકર... આ..હા..હા...! ભાષા સમજ મેં આતી હૈ ન, ભૈયા ? હિન્દી ! હમારી તો ગુજરાતી ભાષા હૈ.

યહાં તો સત્તા કી બાત હૈ. પરંતુ 'જ્ઞાન વહ આત્મા ઔર આત્મા વહ જ્ઞાન' ઐસા ગુણ-ગુણી કા ભેદ અતદ્ભાવરૂપ સે પર્યાયદૃષ્ટિ સે વ્યવહારનય સે પહુંચને મેં–દેખને મેં આતા હૈ. પરંતુ નિશ્ચયદૃષ્ટિ સે–દ્રવ્યાર્થિક (નય કી) દૃષ્ટિ સે દ્રવ્ય યાની વસ્તુ પૂર્ણાનંદ કા નાથ (હૈ) ઉસકી દૃષ્ટિ સે દેખને સે. આ..હા..હા...! હૈ ? '**(દ્રવ્યાર્થિકનયસે દેખા જાય), તબ જિસકે સમસ્ત ગુણવાસના કે ઉન્મેષ અસ્ત હો ગયે હૈં...**' આ..હા..હા..હા...! યહ જ્ઞાન હૈ, દર્શન હૈ ઔર આનંદ હૈ યે સબ ભેદ, દ્રવ્ય કી દૃષ્ટિ સે દેખને સે અસ્ત હો જાતે હૈં. ભેદ નાશ હો જાતા હૈ. આહા..હા...! ઐસી વાણી ! ક્યા કરના ? પ્રભુ ! આહા..હા...! ભગવાન કા તો વિરહ હુઆ, પ્રભુ વહાં રહ ગયે પરંતુ ઉનકી વાણી આયી. 'કુન્દકુન્દ આચાર્ય' દિગંબર સંત ! ભાવલિંગી સંત ! અનુભવી, ચારિત્રવંત ! આનંદ કે ભાવ મેં (રમનેવાલે) ચારિત્રવંત ! માત્ર ક્રિયાકાંડ, ૨૮ મૂલગુણ (પાલે) વહ કોઈ સાધુપના નહીં હૈ. પંચ મહાવ્રત પાલે વહ કોઈ સાધુપના નહીં હૈ. આહા..હા...! સાધુપના તો (કોઈ અલૌકિક બાત હૈ) !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંદર અભેદ ચિદાનંદ પ્રભુ ! 'જ્ઞાન વહ આત્મા', ઐસા ગુણભેદ ભી નિકાલકર અખંડ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ પડને સે સમ્યગ્દર્શન–પ્રથમ મેં પ્રથમ ધર્મ કી શુરૂઆત હોતી હૈ. આહા..હા...! ભાષા સમજ મેં આતી હૈ ન, ભૈયા ? આપકી બહુત હિન્દી નહીં આતી હૈ, સાધારણ-સાધારણ આતી હૈ. આહા..હા...!

'**(ગુણવાસના કે) ઉન્મેષ અસ્ત હો ગયે હૈં...**' ક્યા કહતે હૈં ? કિ, સત્તા હૈ વહી સત્ હૈ. ઐસા સત્તા ઔર સત્ કા અતદ્ભાવ ભેદદૃષ્ટિ સે લક્ષ મેં આતે થે. પરંતુ અભેદદૃષ્ટિ કરને સે યહ સત્તા ઔર સત્ એક હી ચીજ હૈ. સત્ ઉપર દૃષ્ટિ દેને સે–દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેને સે 'ઇસ દ્રવ્ય કા યહ ગુણ' યહ બાત અસ્ત હો જાતી હૈ, યહ બાત દૃષ્ટિ મેં રહતી નહીં. આ..હા..હા...! ઐસા માર્ગ (હૈ) ! દિગંબર મુનિઓં કેવલજ્ઞાની કે કેડાયત હૈં. કેવલજ્ઞાની પરમાત્માને જો કહા ઉસકા અનુભવ કિયા ઔર અનુભવ કરકે ચારિત્ર મેં–આનંદ મેં (રહકર), અતીન્દ્રિય આનંદ કા અનુભવ કરકે યહ બાત કહી હૈ. આ..હા..હા...! યહ બાત દિગંબર સંતો કે અલાવા ઔર કહીં હૈ નહીં. આહા..હા...! કહીં ભી સત્ય બાત (નહીં હૈ). યહાં તક લે ગયે ! આ..હા..હા...!

સત્તા ગુણ ઔર દ્રવ્ય સત્ (હૈ), યહ ભી વ્યવહારનય સે કહને મેં આયા. આ..હા...! પર્યાયદૃષ્ટિ સે દેખો તો વહ (ભેદ) ઉન્મગ્ન નામ બાહર મેં દિખને મેં આતા હૈ. પરંતુ યદિ દ્રવ્યદૃષ્ટિ સે દેખો તો (વહ ભેદ) નિમગ્ન હો જાતા હૈ. ગુણ-ગુણી કા ભેદ અસ્ત હો જાતા હૈ. આ..હા..હા...! હૈ ?

પ્રશ્ન :– ગુણ અસ્ત હો જાતે હૈં તો ક્યા ગુણ બિના કા હો જાતા હૈ ?

સમાધાન :– દૃષ્ટિ મેં ગુણ રહતે નહીં. ગુણ ઔર ગુણી કા ભેદ દૃષ્ટિ મેં રહતા નહીં. ગુણ તો ગુણ મેં હૈ. અભેદ મેં ભેદ દિખતે નહીં. ભેદ હૈ, પરંતુ ભેદ દિખતે નહીં. આહા..હા...! સમ્યગ્દર્શન મેં અભેદ પર દૃષ્ટિ હોને સે અંતર (મેં) અનંત ગુણ હૈં પરંતુ ગુણ કા ભેદ સમ્યગ્દર્શન કે વિષય મેં નહીં. આ..હા..હા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિ, જપ, તપ ઔર યાત્રા તો રાગ (હૈ). યે તો કોઈ સમ્યગ્દર્શન મેં વિષય હી નહીં, વહ તો કોઈ ધર્મ હી નહીં... આ..હા..હા...! પરંતુ આત્મા–સત્ ઔર યહ સત્તા ઐસા ભેદ ભી વિકલ્પ (હૈ) ઔર પર્યાય નય કે વિષય સે બાહર (દિખને મેં આતા) હૈ. આ..હા..હા...!

શ્રોતા :– દ્રવ્યાર્થિક નય ઔર પર્યાયાર્થિક નય કા ક્યા કામ હૈ, ધર્મ કૈસે હો યહ બતાઈયે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ઉસકા કામ યહ હૈ કિ, (જબ તક) ભેદ પર લક્ષ રહેગા તબ તક રાગ કી એકતા નહીં ટૂટેગી. રાગ ઔર પર્યાય પર ભી લક્ષ રહેગા તબ તક રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



और स्वभाव की एकता टूटती नहीं. एकता रहती है वह अनादि काल का मिथ्यात्व है. आ..हा..हा..हा...! यह आत्माराम की बात है ! आहा..हा...! भाई ने तो फिर से लेने को कहा था. कल तो कहा था कि, बहनों, माताओं को यह समज में आता है या नहीं ? भाषा तो सादी है, माता ! आहा..हा...!

यहां तो कहते हैं – है तो छओं द्रव्य की बात, परंतु उसमें आत्मद्रव्य की बात करनी यह मुख्य है न ? आहा..हा...! आत्मा में 'यह गुण है और यह गुणी है' ऐसा अतद्‌भाव व्यवहारनय से कहने में आया है. परंतु इस अतद्‌भाव को भेददृष्टि से देखो तो 'यह शुक्ल वस्त्र है' ऐसे 'यह गुणवाला गुणी है' ऐसा व्यवहार से देखने में आता है. आहा..हा...! निश्चय से अंतर में देखे (तो) भगवानआत्मा ! पूर्णानंद का नाथ ! जहां गुण-गुणी का भेद भी नहीं. पर्यायदृष्टि की तो बात ही नहीं. आहा..हा...! समज में आया ? ऐसा मार्ग है, प्रभु ! सूक्ष्म पडे लेकिन क्या हो ? जो चीज है सो है. आ..हा..हा...! वर्तमान में तो गडबड बहुत चली है इसलिये यह बात ऐसी लगे कि, यह तो बहुत सूक्ष्म... सूक्ष्म... सूक्ष्म... है. परंतु तू सूक्ष्म ही है, प्रभु ! आ..हा..हा...!

अतद्‌भाव को भी दो दृष्टि से देखने को कहते हैं. आहा..हा...! यह गुणी गुणवाला है और यह गुण गुणी के हैं, ऐसा जो अतद्‌भाव(रूप) भाव (है) वह भी पर्यायदृष्टि – भेददृष्टि – व्यवहार से देखो तो वह उन्मग्न है–देखने में आवे. परंतु द्रव्यदृष्टि से देखो तो वह निमग्न है. गुण-गुणी का भेद दृष्टिमें से नाश हो जाता है. ऐसी बात है.

